

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છલકાતાં હતાં મદથી એ પાણી પાછાં વળે છે,*
*કૂદતા હતા હિંદુત્વ પાળે, પાણી પાછાં વળે છે,*
*રામ છોડી, પકડ્યાં ચરણ એન્કૌંટરીયા ચાણક્યના -*
*આવી ફિકાસ, વિકાસના સ્વાદમાં પાણી પાછાં વળે છે...*

### હાઈકુ

*ખૂલ્લા પડે છે,*
*ખેલ ખટપટના -*
*ખેલ ખલ્લાસ!*
*(ખરીદીમાં ખોટ)*

*જાનૈયા થાક્યા,*
*'માંડવીયા' મોજમાં*
*મન થી સુખ*
*(વરરાજાની બદલી?!)*

### ચિંતન

**કબીર સેવા દોભલી, એક સંત એક રામ,**
**રામ હૈ દાતા મુક્તિકા, સંત જપાવે નામ**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આપણે મૃત્યુલોકના માનવીઓ સેવા કોની કરવી અને કેમ કરવી તે વિશે કશું જાણતા નથી. પથ્થરની મૂર્તિને દેવ માનીને તેની સેવા કરીએ છીએ અને જેને આપણે ગુરુ માન્યા છે તેમના પ્રત્યેની અંધશ્રદ્ધાથી દોરાઈને તેમને દેવ માની પૂજ્વા લાગીએ છીએ. પણ તેમનાં અધૂરા જ્ઞાન અને એવા જ ઉપદેશથી આપણું કશુંક જ ભલું થવાનું નથી. ગુરુને સ્થાને બેસાડી તેમની પૂજા કરતાં અને તેમનાં ઉપદેશને અનુસરતા પહેલાં કબીર કહે છે કે તેમને ઓળખો. સેવા કરો તો બેની જ કરો કાંતો ખરા સંતની કાં તો રામની !! વચ્ચેના અધૂરા અધકચરા જ્ઞાની ગુરુઓએ પથ્થરના દેવની સેવા કરવાથી કઈ દહાડો વળશે નહીં.

રામ મુક્તિના દાતા છે અને સંત છે તે રામનામ જપવાની રીત બતાવે છે. અને રામની પિછાન કરાવે છે. માટે સેવા કરો તો બેની જ કરો.

### સુવિચાર

- હૃદયરોગનો ઉલાજ વિજ્ઞાન પાસે છે, હૃદયમાં પેસેલાં ઈર્ષ્યા, ક્રોધ, અભિમાન જેવા દોષોનો ઈલાજ ધર્મ પાસે છે - **રત્નસુંદરજીવિજયજી**
- અંતરને શુદ્ધ કરે તે ભક્તિ, અંતરને અશુદ્ધ કરે તે આસક્તિ ? - **જનકલ્યાણ**
- વૈરાગ્યની ઢાલવાળા ને આસક્તિના બાણ વાગતાં નથી - **ડો. પ્રણવ પંડ્યા**
- એક બુદ્ધિમાન પુત્ર પ્રસન્ન પિતા બને છે - **અમૃતબિંદુ**
- રોટલો મેળવવા માટે મહેનત કરનારને રોટલો અને તંદુરસ્તી બંને મળે છે - **મેડમ ક્યુરી**
- જેની સેવા કરો એને ભગવાનથી ભિન્ન ન સમજો - **વચનામૃત**
- આજનું ઔષધ : ફટકડી એરંડીયામાં મેળવી મસા ઉપર લગાડવાથી મસા આપમેળે ખરી પડે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયપુરમાં પાઘડીની એક માત્ર દુકાન હતી. દુકાનના માલિક સદાસુખદાસજીમાં સોળ પાઘડી વેચાયા એટલે દુકાન બંધ કરીને મંદિર ચાલ્યા જતાં. ત્યાં ભજન કિર્તન કર્યા બાદ ઘરે જતાં. કોઈક દિવસ એવો પણ જતો કે દુકાન ખુલવાના બે ત્રણ કલાકમાં જ સોળ પાઘડી વેચાઈ જતી. તે દિવસે સદાસુખદાસજી રાજી થતાં કે હાશ આજે પ્રભુભક્તિ માટે વધુ સમય મળશે. આવા ધર્મનિષ્ઠ માણસની વાત સાંભળીને જયપુરના રાજાએ તેમની પરીક્ષા લેવાનું મન થયું. રાજાએ હુકમ બહાર પાડ્યો કે આવતી કાલે દરબારમાં જે કોઈ આવે તેમે પાઘડી પહેરેલી હોવી જ જોઈએ એમ ન કરનારને શિક્ષા થશે. રાજાનો હુકમ સાંભળી સૌ દરબારીઓ સુખદાસની દુકાને દોડી ગયા. આ તરફ સદાસુખદાસજીનો નિયમ હતો કે દિવસમાં સોળ જ પાઘડી વેચવાની પણ એ દિવસે એમણે દુકાને આવેલા બીજા એક સો લોકોને વગર નફો લીધે પાઘડી વેચી. બીજે દિવસે જયપુર નરેશે સૌના માથે પાઘડી જોઈને કહ્યું કે પૈસાના લોભમાં સદાસુખદાસજીએ નિયમની અવગણના કરી હશે પણ દરબારીઓએ રાજાને સાચી હકીકત જણાવી.

સદાસુખદાસજીની નિયમનિષ્ઠા જોઈ રાજાએ એમને દરબારમાં બોલાવી કંઈક આપવાની ચેષ્ઠ કરી ત્યારે સદાસુખદાસજીએ રાજાને કહ્યું, 'અત્યારે તો હું ભગવાનના મંદિરે થી અહીં આવ્યો છું મને કિર્તન કરવા જવા દો' રાજાએ બે હાથ જોડી સુખદાસજીને રજા આપી.

# રાષ્ટ્રપતિ ભવનમાં રાજકારણ નહિ

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનને ધાર્મિક તહેવારોની ઉજવણીથી 'મુક્ત' કરી દીધું છે. એમણે રમજાન નિમિત્તે પરંપરાગત રીતે અપાતી ઈફતાર પાર્ટી રદ કરીને દાખલો બેસાડ્યો છે. અગાઉ મુસ્લિમ સમાજમાંથી આવતા રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ઈફતારી નહીં યોજીને રાષ્ટ્રપતિભવનનો સાંપ્રદાયિક ઉજવણીથી દૂર રાખવાનો પ્રયાસ કરેલો અને કોંગ્રેસનાં મહિલા રાષ્ટ્રપતિએ નાતાલની ઉજવણીથી દૂર રહેવાનો નિર્ણય કરેલો તે યાદ આવે. રાષ્ટ્રપતિ ભવનમાં પ્રજાનાં પૈસા આ પ્રકારના ઉત્સવો ઉજવાય તે સર્વધર્મસમભાવ ધરાવતા બિનસાંપ્રતાયિક દેશ માટે યોગ્ય નથી એવી સમજણ એવી પણ છે કે રાષ્ટ્રપતિ માત્ર બંધારણીય વડા છે. એમના નિર્ણયો એમના પોતાના નથી હોતા. મોટા ભાગે તેઓ કેબિનેટની સલાહ મુજબ જ વર્તતા હોય છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમને ઈફતાર પાર્ટી બંધ કરેલી અને વડાપ્રધાન બન્યા પછી પણ એમનો આ અભિગમ યથાવત જ રહ્યો છે. અલબત્ત, મુસલમાનોબંધુઓનાં દિલ જીતી લેવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ગયે વર્ષે ભવ્ય ઈફતાર પાર્ટી જરૂર યોજી હતી ! સરકારી ખર્ચે આવા તાયફા ન થાય તે ખૂબ પ્રસંશનીય બાબત છે. જો કે કોંગ્રેસ શાસન દરમિયાન પડેલી પરંપરા બંધ કરવાના આ નિર્ણય પાછળ હિંદુ બહુમતીને ખુશ કરવાનો ગર્ભિત આશય જરૂર દષ્ટિગોચર થાય. દિવાળી, હોળી કે દશેરા જેવા હિંદુ તહેવારોમાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સહિત બધા નેતાઓ ઉત્સાહપૂર્વક ભાગ લેતા રહે છે. પ્રાદેશિક તહેવારો પણ રંગેચંગે ઉજવાય છે. દાખલા તરીકે ગુજરાતમાં ઉત્તરાયણનું પતંગપર્વ. એની પાછળ ધૂમ ખર્ચ કરવાની પરંપરા મોદીના મુખ્યમંત્રીકાળમાં જ શરૂ થઈ હતી. એ પહેલાં પતંગોત્સવની ઉજવણી કોંગ્રેસી શાસનકાળમાં આટલા ધૂમધડાકા સાથે નહોતો યોજાયો. મૂળે આપણે હજી અવઢવમાં છીએ. ધાર્મિક ઉત્સવો ફક્ત ધાર્મિક કે સાંપ્રદાયિક નથી રહેતા. એ સાંસ્કૃતિક ઓળખ બની જાય છે. નવરાત્રી કે દશેરા અથવા હોળી-ધુળેટી અને જન્માષ્ટમી જેવાં પર્વોને પણ સાંકળી લઈએ તો નેતાઓ નવરા જ થઈ જાય. પ્રજા તો ઉત્સવ પ્રિય છે. હિંદુઓ માટે દિવાળી છે એમ મુસલમાનોને એમની ઈદ છે. ખરી ધર્મનિરપેક્ષતા તો તમામ ધાર્મિક તહેવારોની ગરિમા સચવાય તે રીતે વર્તવામાં છે. ઈફતાર પાર્ટી એ મુસલમાનોને રીઝવવા માટેનો ઉપક્રમ ન ગણાવો જોઈએ. એ ભાઈચારા અને કોમી એખલાસના પ્રીતિભોજ તરીકે સ્વીકૃત થવી જોઈતી હતી. ભાજપ માટે એ રાજકારણનું પ્રતીક બની ગઈ હોય તો તે ખૂબ જ શોચનીત બાબત છે. રાષ્ટ્રપતિનું પદ શોભાના ગાંઠિયા જેવું છે. અમસ્તો પણ રોજના હિસાબે એમની રાખરખાવત પાછળ લાખોનો ધુમાડો થતો રહે છે. ખરી જરૂર તો આવા દેખાડા અનો રાજશાહી ઠાઠ અટકાવવાની છે. રાષ્ટ્રપતિ કોવિંદ કોઈ એવી પ્રતિભા નથી કે એમના દ્વારા જૂની પરંપરા તૂટે. અબ્દુલ કલામ અપવાદરૂપ રાષ્ટ્રપતિ હતા. ઈફતાર પાર્ટી પાછળ પ્રજાનાં નાણાં નહીં વેડફવાનો નિર્ણય લઈ શકનારા રાષ્ટ્રપતિ વડાપ્રધાન પાછળની જાહેરાતોનો બેફામ કેમ નથી અટકાવી શકતા ? એમના બિનજરૂરી વિદેશ પ્રવાસો કેમ રોકી નથી શકતા ? યે પબ્લિક હૈ, સબ જાનતી હૈ...

# મૂરખ માણસને કઈ રીતે જાણવો ?



**અમર વારસો**
ડો. રશ્મિકાન્ત મહેતા

ધર્માત્મા વિદુર કુરુરાજ ધૃતરાષ્ટ્રને ધર્મ, રાજનીતિ અને સમાજજીવનનો ઉપદેશ આપી રહ્યાં છે. મહાભારતના ઉદ્યોગભાગના આ આઠ અધ્યાયો વિદુરનીતિ તરીકે જાણીતા છે.

આમાં વિદુર મૂર્ખ લક્ષણ સમજાવે છે. આ માહિતી તેમનો વૈવસ્વત મનુ પાસેથી મળેલી છે. તો આ રીતે છે :

મૂરખને તો આકાશ મુઠ્ઠીઓથી પીટવું હોય, મેઘધનુષ વાંકુ વાળવું હોય, કિરણોને હથેળીમાં પકડવા હોય, દુનિયામાં મૂરખાઓ ઘણા છે અને ઓળખવા કઈ રીતે ?

(૧) શિષ્ય નાલાયક હોય, તો પણ એને ભણાવ્યા કરે.

(૨) પોતાના કુળને ન છાજે એવું, મર્યાદા છોડીને ગેરવર્તન કરે અને એમાં જ સંતોષ માને.

(૩) પોતાના તરફ દ્વેષ હોય એવા લોકોની સાથે અંગત સ્વાર્થની લાલચે સંપર્ક રાખ્યા કરે.

(૪) પોતે જેને લાયક ન હોય, એવી વસ્તુઓ માગ્યા કરે.

(૫) બહુ બોલબોલ કર્યા કરે અને એમાં વિવેક ન જાળવે.

(૬) પરિવારમાં સ્ત્રીઓનું રક્ષણ ન કરે.

(૭) અને છતાંય પોતાનું કલ્યાણ થાય એવી ઈચ્છા રાખે.

(૮) પોતાને શોભે નહિ, એવી વ્યક્તિઓની સોબતમાં રહે અને એને પ્રેમ કર્યા કરે.

(૯) પોતાનામાં જેને શ્રદ્ધા ન હોય, સદ્‌ભાવ ન હોય એની સાથે વાતો કર્યા કરે. ભવિષ્યમાં કોઈ સ્વાર્થ સંતોષાય એવી ખોટી ઘેલછા રાખે.

(૧૦) પોતાનામાં કશી આવડત કે શક્તિ ન હોય, તો પણ પોતાની આવડતાઈમાંથી ઊંચો ન આવે પોતાની આત્મપ્રશંસા જાતે જ કર્યા કરે.

(૧૧) અને છતાં લોકો પોતાનું સન્માન કરે, એવી ઈચ્છા રાખે અને સન્માન પામવાના જાતે જ પ્રયત્નો કર્યા કરે.

(૧૨) પોતાનામાં રહેલી અશક્તિઓને પારખે નહિ.

(૧૩) અને છતાંય પોતાથી વધુ બળવાન હોય, એની સાથે કાયમ શત્રુતા રાખ્યા કરે.

(૧૪) પુત્રવધૂની મશ્કરી કર્યા કરે, ઉપવાસ કરે અને પુત્રવધૂનું અપમાન થાય તો સાક્ષીભાવે જોયા કરે.

(૧૫) પોતાનો કોઈના તરફથી ભય હોય, પોતે એનું નિવારણ ન કરી શકે એમ હોય તો પોતાની પત્નીથી રક્ષણ મેળવે.

(૧૬) અને છતાંય પરસ્ત્રી તરફ મલિન દૃષ્ટિ રાખેય

(૧૭) કોઈ પાસેથી ઊછીનું ધન કે વસ્તુ લે અને પછી આપવાનું થાય તો કહી દે - મને યાદ જ નથી.

(૧૮) પોતે કોઈનો આપ્યું હોય, તો વારેઘડીયે માગ માગ કરે અને બીજાઓને કહેતો ફરે.

(૧૯) ખોટી બાબત હોય, ખોટી વસ્તુ હોય; એને ધરાર સાચી ઠેરવવા ભરપૂર પ્રયત્ન કરે અને એમાં કોઈક વાર ફાવે પણ ખરો.

ધર્માત્મા વિદુરે આ રીતે મૂર્ખ લક્ષણ આપ્યાં છે; એ આમ તો સર્વસામાન્ય છે. સૌ કોઈને માર્ગદર્શનરૂપ છે. પરંતુ પરોક્ષભાવ આ પણ ખરો - ધૃતરાષ્ટ્ર જાતે નક્કી કરી લે. એ આમાંથી કયે સ્થાને આવે છે ? એને કયું લક્ષણ લાગુ પડશે ? આત્મમંથન કરી લે અને એણાં સુધારો વિચારી લે.

# 'છેલ્લો કટોરો ઝેરનો આ, પી જાજો બાપુ !' આ પંક્તિ કયા સર્જકની છે?



**ખજાનો**
અનિલ પટેલ

## ગુજરાતી સાહિત્ય

૧ કયા સાહિત્યકાર કુળકથાઓના સર્જક છે?
(અ) સ્વામી આનંદ (બ) જોસેફ મેકવાન
(ક) લાભશંકર ઠાકર (ડ) પ્રિયકાંત મણીયાર

૨ સિંહાસન બત્રીસીના રચયિતા કોણ છે ?
(અ) અખો (બ) કવિ શામળ
(ક) નવલરામ પંડ્યા (ડ) ગોવર્ધનરામ ત્રિપાઠી

૩ સુપ્રસિદ્ધ ગીત 'મારે ઠાકોરજી નથી થાવું...!' ના રચયિતા કોણ છે ?
(અ) દુલાભાયા કાગ (બ) ઝવેરચંદ મેઘામી
(ક) સ્વામી આનંદ (ડ) કવિ 'દાદ'

૪ 'છેલ્લો કટોરો ઝેરનો આ, પી જાજો બાપુ !' આ પંક્તિ કયા સર્જકની છે?
(અ) મનુભાઈ પંચોલી (બ) વિનોબા ભાવે
(ક) ઝવેરચંદ મેઘાણી (ડ) ઉમાશંકર જોષી

૫ ગુરુ ગોવિંદસિંહ નાટકના સર્જક કોણ છે ?
(અ) કાન્ત (બ) ધૂમકેતુ
(ક) ચં.ચી. મહેતા (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

૬ 'સ્વૈરવિહારી' ઉપનામથી કયા સર્જકે નિબંધો લખ્યા છે?
(અ) જયંતિ દલાલ (બ) પન્નાલાલ પટેલ
(ક) ઈશ્વર પેટલીકર (ડ) રા.વિ.પાઠક

૭ છંદોલય કાવ્ય સંગ્રહના કવિ કોણ છે' ?
(અ) રાવજી પટેલ (બ) જયંત પાઠક
(ક) નિરંજન ભગત (ડ) ચં.ચી. મહેતા

૮ પ્રવિણ જોષીનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું છે ?
(અ) નાટ્ય સાહિત્ય (બ) નિબંધકાર
(ક) સૉનેટ કાવ્ય (ડ) નવલકથાકાર

૯ કઈ નવલકથામાં ખલનાયકની ભૂમિકામાં 'માલી ડોશી'નું પાત્ર છે ?
(અ) ભવની ભવાઈ (બ) માનવીની ભવાઈ
(ક) મળેલા જીવ (ડ) આંગળીયાત

૧૦ સ્વતંત્ર નારી 'વિદુલા' ના કથાકાર કોણ છે ?
(અ) રમેશ પારેખ (બ) ર.વ. દેસાઈ
(ક) સ્નેહરશ્મિ (ડ) સુરેશ જોષી

૧૧ 'ઈંધણા વીણવા ગઈ'તી લોકપ્રિય ગીતના સર્જક કોણ છે ?
(અ) રાજેન્દ્ર શાહ (બ) હરિકૃષ્ણ દવે
(ક) તારક મહેતા (ડ) ગુલાબદાસ બ્રોકર

૧૨ 'જીવનનો આનંદ' અને 'રખડવાનો આનંદ' આ લેખક કોણ છે ?
(અ) વિનોબા ભાવે (બ) કાકાસાહેબ કાલેલકર
(ક) ભોળાભાઈ પટેલ (ડ) સ્વામી સચ્ચિદાનંદ

૧૩ 'અમદાવાદ એટલે અમદાવાદ' આ રચના કોની છે ?
(અ) વિનોદ ભટ્ટ (બ) બકુલ ત્રિપાઠી
(ક) રઘુવીર ચૌધરી (ડ) હરીન્દ્ર દવે

૧૪ 'ગઝલના આયના ઘરમાં' ના કવિ કોણ છે ?
(અ) અમૃત ઘાયલ (બ) આદિલ મન્સુરી
(ક) પંકજ ઉધાસ (ડ) નિરંજન ભગત

૧૫ 'એડવર્ડ નાટકો' ના રચયિતા કોણ હતા ?
(અ) લાભશંકર ઠાકર (બ) કાન્ત
(ક) કૃષ્ણલાલ શ્રીધરાણી (ડ) ચુનીલાલ મડિયા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૮મી જુન :** વર્લ્ડ ઓશિયન ડે
  - શામળદાર ગાંધી : આઝાદી સમયના દેશભક્ત પત્રકાર, રાજકોટ જન્મ સ્થળ, 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' દૈનિકના તંત્રી તરીકે સેવા આપી. પોતાનુ દૈનિક 'વંદે માતરમ્' શરુ કર્યું હતું. ૮-૬-૧૯૫૩માં અવસાન થયું.
  - મહંમદ પયંગબર : નિધન ૮-૬-૦૬૩૨
    ઈસ્લામ ધર્મના મહાન પયગંબર, મક્કા શહેરમાં જન્મ. ઈસ્લામ ધર્મના પ્રચાર-પ્રસારના કારણે વિરોધીઓએ તેમને મારી નાંખવાનું કાવતરું રચના મક્કા છોડી મદિના રહેવ ગયા. ૧૬ જુલાઈ ૦૬૨૨ ના રોજ હિજરત કરી ગયા. આ દિવસની યાદમાં હિજરી સંવતની શરુઆત થઈ. આજના દિવસે તેમનું અવસાન થયું તે દિવસને 'ઈદે મિલાદ' કે 'બારે વફાત' તરીકે ઉજવે છે.
- **૯મી જુન :**
  - ક્રાંતિકારી ચળવળના પ્રણેતા બિરસા મુંડાનું અવસાન (૧૯૦૦)
  - ઈન્ડિયન પોલીસ સર્વિસનાં પહેલાં મહિલા અધિકારીનો જન્મ (૧૯૪૯)
  - ઈંગ્લેન્ડના નવલકથાકાર અને સાહિત્યકાર ચાર્લ્સ ડિકસનની પુણ્યતિથિ (૧૮૭૦)
  - લાલબહાદુર શાસ્ત્રી દેશના વડાપ્રધાન બન્યા (૧૯૬૪)
- **૧૦મી જૂન :**
  - રાજવી કવિ કલાપી 'સૂરસિંહજી ગોહેલ'નું નિધન (૧૯૦૦)
  - સાડા ત્રણ બિલિયન ડૉલરના બજારના એમ્પાયર રાહુલ બજાજનો જન્મ દિવ (૧૦-૬-૧૯૩૮)
  - ગુલાબદાસ બ્રોકરની પુણ્યતિથિ (૧૦-૬-૨૦૦૬)
  - સ્પીરીટ રોવર પૃથ્વી પર છોડવામાં આવ્યું (૧૦-૬-૨૦૦૩)
- **૧૧મી જુન :**
  - દેશમાં આલ્હાબાદ હાઈકોર્ટની સ્થાપના (૧૮૬૬)
  - અમેરિકન વૈજ્ઞાનિક આર્મસ્ટ્રોંગે એફ.એમ. રેડિયોનો પ્રથમ પ્રયોગ કર્યો. (૧૯૩૫)
  - જાપાની સાહિત્યકાર અને નોબેલ પુરસ્કાર વિજેતા યાસુનારી કાવાલાતાનો જન્મ દિવસ (૧૮૯૯)
  - મોરબી નગરીના શિલ્પી વાઘજી ઠાકોર બીજાની પુણ્યતિથિ (૧૯૨૨)
- **૧૨મી જુન : વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ**
  - આજીવન લોકસેવક અને ક્રાંતિકારી ગોપદાસ બંધુની પુણ્યતિથિ
  - વીસમી સદીના મહાન વાર્તાકાર અર્નેસ્ટ મિલર હેમિંગ્વેનો જન્મ દિવસ (૧૨-૬-૧૮૮૯)
  - નેપોલીયને રશિયા પર આક્રમણ કર્યું (૧૨-૬-૧૯૬૪)
  - ભાંગફોડના આરોપસર નેલ્સન મંડેલાને જેલ થઈ (૧૮૭૯)
- **૧૩ જુન :**
  - દેશભક્ત ગણશ દામોદર સાવરકરનો જન્મ દિવસ (૧૮૭૯)
  - ગઝલ ગાયક મહેંદી હસનની પુણ્યતિથિ (૨૦૧૨)
  - ન્યુઝીલેન્ડના ઓલ રાઉન્ડર ખેલાડી ક્રિસ કેઈર્ન્સનો જન્મ (૧૯૭૦)
  - રજવાડાના રાજકુમાર દુલિપસિંહજીનો જન્મ (૧૯૦૫)
- **૧૪ જુન :** વિશ્વ રક્તદાતા દિવસ
  - જાણીતા ઉદ્યોગપતિ કુમાર મંગલમ્ બિરલાનો જન્મ (૧૯૬૭)
  - વિયેતનામ સ્વતંત્ર થયું (૧૯૪૯)
  - ચીને તેના પ્રથમ હાઈડ્રોજન બોમ્બનો વિસ્ફોટ કર્યો (૧૯૬૭)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ચંદ્રબાબુ નાયડુ કયા પક્ષના નેતા છે ?**
**જવાબ : ટીડીપી (તેલુગુ દેશમ્ પાર્ટી)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કયા ગુજરાતી સાહિત્યકારનું અવસાન થયું**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સતી શિરોમણી અનસૂયા



**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

સતી શિરોમણી અનસૂયાનો જન્મ ઉચ્ચકુળમાં થયો હતો. મહારાજ મનુની વૂદિષી એવાં સદાચારિણી પુત્રી દેવહુતી એમની માતા. તેમજ મહાન તપસ્વી કર્દમમુનિ તેમના પિતા હતા. સાંખ્યશાસ્ત્રનાં કર્દમમુનિ તેમના પિતા હતા. સાંખ્ય શાસ્ત્રના પ્રણેતા ભગવાન કપિલ એમનાં નાના ભાઈ તેમજ બ્રહ્માનાં માનસ પુત્ર. અત્રિ ઋષિ એમના પતિ હતા. આમ તો મહાસતી અનસૂયાની તપ-સાધના પરાકાષ્ઠા પર હતી. પરંતુ તેમણે પ્રતિવ્રતા ધર્મને જ સર્વશ્રેષ્ટ સાધના તરીકે સ્વીકાર્યો હતો. પતિવ્રતા ધર્મનો મહિમા કરીને જ તેમણે ગંગાની ધાર મંદાકિનીને પોતાના પતિ માટે ચિત્રકૂટમાં પ્રગટ કરાવી લીધી હતી. આથી તે અત્રિ-ગંગાના નામથી પણ ઓળખાય છે.

આ કાળમાં કૌશિક નામનાં એક બ્રાહ્મણને માન્ડ્વ્ય ઋષિએ શાપ આપ્યો હતો કે સૂર્યોદય થતાં જ એનું મૃત્યુ થઈ જશે. પરંતુ આ બ્રાહ્મણની પતિવ્રતા પત્નીએ પોતાનાં સતિત્વનાં બળથી સૂર્યોદય જ ન થવા દીધો. સૌ દેવતાઓ સતી અનસૂતા પાસે ગયા. સતી અનસૂયાએ પેલી બ્રાહ્મણીને સૂર્યને પોતાના વચનોમાંથી મુક્ત કરવા પ્રાર્થના કરી. અનસૂયા એ તેને તેના પતિને પુનઃ જીવિત કરવાનું વચન આપ્યું. આથી તે પતિવ્રતા અનસુયાની વાત માની ગઈ. સૂર્યોદય થયો. કૌશિક બ્રાહ્મણ જે મૃત્યુ પામ્યો હતો તેની સતી એ પોતાના તેજથી પુનઃજીવિત કર્યો.

વૃદ્ધાવસ્થામાં અનસૂયાનાં આશ્રમમાં શ્રીરામ, લક્ષ્મણ અને સીતા પધાર્યા હતા. માતા અનસૂયા એ સીતાને શિક્ષણ આપતાં જે પ્રકારે સતી ધર્મને મહત્ત્વ આપ્યું હતું. તે પ્રત્યેક નારી માટે અનુકરણીય છે. અનસૂયાની કોખથી દત્તાત્રેય, દુર્વાસા, તેમજ રામચંદ્ર નામના ત્રણ પુત્રો થયા. આ ત્રણે ધર્માત્મા, વિદ્વાન, પુરુષાર્થી તેમજ ઈશ્વરભક્ત હતા. માતા અનસુયાએ પતિવ્રતા ધર્મની એવી એક અવિરત, અવિચલ, દીપશિખા, પ્રગટાવી છે. જે યુગો યુગો સુધી ભારતની જ નહીં વિશ્વની નારીઓમાં જીવનમાં પ્રતિવ્રતા ધર્મનો દીપ જલાવી તેમનાં જીવનને પ્રકાશિત કરશે.

આ તરફ માતા અનસૂયા ગૃહકાર્યમાં વ્યસ્ત હતા. અત્રિ ઋષિ આશ્રમમાં ન હતો. ત્યારે જ સાધુઓનાં વેશમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પધાર્યા. માતાએ આદરપૂર્વક તેમને બોલાવ્યા અને યથોચિત્ત આદર સત્કાર કર્યો. જયારે માતાએ ભોજન માટે કહ્યું તો, આ ત્રણેયે ના પાડી. અનસૂયાએ કારણ પૂછતાં તો તેમણે કહ્યું, 'તમારું આતિથ્ય અમને ત્યારે જ સ્વીકાર્ય હશે. જયારે તમે નિર્વસ્ત્ર થઈ એમને ભોજન કરાવો.' આ સાંભળી માતા અનુસૂયા ચકિત થઈ ગયા. સતીનાં સતિત્વની કઠીન પરીક્ષા થઈ રહી હતી. તો બીજી તરફ સતીત્વની રક્ષા કરવાની ધર્મ પર કોઈ પ્રકારની આંચ નહીં આવે.' એમને વિચાર્યું. 'જો મારો પતિવ્રતા ધર્મ પૂર્ણ છે. અને જો પતિને દે મેં સ્વપ્નમાં પણ કોઈના વિચાર કર્યો નહી. તો આ ત્રણે મહાત્મા છ, છ મહિનાના બાળક બની જાય. મહાસતિનો વિચાર પૂર્ણ થતાં જ ત્રણે સાધુ બાળક બની ગયા. આ રીતે સતીત્વની બ્રહ્મ પર વિજય થયો. માતાએ સ્તનપાન કરાવ્યું.' મહર્ષિ અત્રિ આવ્યા, અનસૂયા એ કહ્યું, 'આ ત્રણે આપનાં પુત્ર છે.' ઋષિ અત્રિ બધી જ બીના જાણી આનંદીત થઈ ઉઠ્યા.

આવા હતા મહાસતિ અનસૂયા.

સતી અનસૂયા વિશે પૌરાણિક કથા પ્રચલિત છે. એકવાર લક્ષ્મી, સરસ્વતી તેમજ સતીને ગર્વ થઈ ગયો હતો. કે તેમનાં સમાન, પતિવ્રતા નારી ત્રણેય લોકમાં કોઈ જ નહીં. ભગવાનનું કામ તો ભક્તોનો ગર્વ દૂર કરવાનું છે આથી ભગવાને આ ત્રણે દેવીઓનો ગર્વ દૂર કરવાની પ્રેરણા નારદજીના હૃદયમાં ભરી દીધી.

નાદરજીના પોતાની વીણા ઝકૃત કરતાં વૈકુંઠધામ પહોચ્યા. લક્ષ્મીએ આનંદિત થઈ ને નારદજીનું સ્વાગત કર્યું અને પૂછ્યું, 'પુત્ર કયાંથી આવી રહ્યો છો.'

નારદે કહ્યું, 'માતા હું તો સતી શિરોમણી અનસૂયાનાં આ ભ્રમથી આવી રહ્યો છું. એમનો પ્રતિવ્રતા ધર્મ એટલો શ્રેષ્ઠ છે કે સમસ્ત ઋષિ મુનિ ગણનતમસ્તક થઈ તેમની વંદના કરે છે. લક્ષ્મીએ પૂછ્યું, 'શું અનસૂયા મારાથી પણ મોટા પતિવ્રતા છે?' નારદે કહ્યું, 'માતા, આપતો અનસૂયાની સામે કશું જ નથી.' નારદનાં ગયા પછી લક્ષ્મીજીએ વિષ્ણુજીને કહ્યું, જો આપનાં હૃદયમાં મારું થોડું પણ સ્થાન છે તો અનસૂયાનો પતિવ્રતા ધર્મ ભંગ કરો છો.'

વિષ્ણુજી બધુ સમજી ગયા. લક્ષ્મીજીને ખુશ કરવા ગરુડ પર બેસી ચિત્રકૂટ જવા નીકળ્યા. આ બાજુ નારદ કૈલાસ પહોંચ્યા. સતીએ તેમને લાડુ આપ્યા. નારદે ત્યાં પણ આગ લગાવી કહ્યું, 'માતા સતિ અનસૂયાનાં લાડુ જેવો સ્વાદ આમાં નથી.' કારણ પૂછતાં નારદે સતી અનસૂયાનાં અનુપમ પતિવ્રતા ધર્મની વાત કરી અને જણાવ્યું કે તમે એના ચરણની ધૂળ પણ નથી. હવે શું થવાનું હતું ? સતિએ પણ શિવ આગળ જઈ સતી અનસૂયાનાં પતિવ્રતાનાં ભંગ કરવાનું કહ્યું, શિવ પણ ચિત્રકૂટ જવા નીકળ્યા.

હવે નારદ બ્રહ્મલોકમાં પહોંચ્યો. સરસ્વતી આ જયારે પોતાનાં વિશે પૂછ્યું ત્યારે નારદે કહ્યું, 'તમે તો માતા છો. પરંતુ સતિ અનસૂયાની સામે આપ કંઈ નથી.' સરસ્વતી તત્કાળ બ્રહ્માજીને બોલાવી તુરંત અનસૂયાનો પતિવ્રતા ધર્મ ભંગ કરવાનું કહ્યું, બ્રહ્માજી પણ ચિત્રકૂટ તરફ ચાલી નીકળ્યા. માર્ગમાં આ ત્રણે દેવતાઓ મળી ગયા. તેમનો માર્ગ પણ એક હતો અને ઉદ્દેશ પણ એક ! આથી ત્રણેય વિચાર વિમર્શમાં અંતે સાધુઓનો વેશ ધારણ કરી અનસૂયાનાં પતિવ્રતા ધર્મભંગ કરવાનું નક્કી કર્યું.